Gujarati Midday Pg 12, 13th July 2022

# ક્રિપ્ટોકરન્સીના પ્રસાર સામે યુરોપિયન સેન્ટ્રલ બૅન્કની ચેતવણી

**યુરોપિયન** સેન્ટ્રલ બૅન્ક (ઈસીબી)એ કહ્યું છે કે જો ક્રિપ્ટોકરન્સી ક્ષેત્ર છેલ્લાં બે વર્ષમાં જેટલી ઝડપે વધ્યું છે એટલી જ ઝડપે વધતું રહેશે તો અને જો નાણાકીય કંપનીઓ એમાં વધારે પ્રમાણમાં સંકળાતી જશે તો નાણાકીય સ્થિરતાનું જોખમ વધશે. ઈસીબીએ પોતાના દ્વિવાર્ષિક અહેવાલમાં કહ્યું છે કે બૅન્કો તથા અન્ય નાણાકીય સંસ્થાઓ ક્રિપ્ટોમાં વધારે પ્રમાણમાં એક્સપોઝર લેવા માંડશે તો મૂડી જોખમમાં મુકાશે અને રોકાણકારોનો વિશ્વાસ ઘવાશે. ક્રિપ્ટો એક્સચેન્જોમાં થતા ટ્રેડિંગ માટે રોકાણકારો નાણાં ઉધાર લે છે એને કારણે નાણાકીય સ્થિરતા સામેનું જોખમ વધે છે.

દરમ્યાન ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં ઘટાડો થવા માંડતાં બીટકૉઇન ફરીથી ૨૦,૦૦૦ ડૉલરની સપાટીની નીચે પહોંચી ગયો છે. ઈથેરિયમમાં ૬.૮૦ ટકાનો ઘટાડો થવાથી ભાવ ૧૦૭૩ ડૉલર થઈ ગયો હતો. માર્કેટ કૅપિટલાઇઝેશન ૩.૩૭ ટકા ઘટીને ૮૮૫.૬૫ અબજ ડૉલર થયું હતું.

અગાઉ, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રિપ્ટો ઈન્ડેક્સ-આઈસી15 મંગળવારે બપોરે ૪ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૫.૦૧ ટકા (૧૩૭૨ પૉઇન્ટ) ઘટીને ૨૬,૦૧૯ પૉઇન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૭,૩૯૪ ખૂલીને ૨૭,૬૨૭ સુધીની ઉપલી અને ૨૫,૮૩૦ પૉઇન્ટની નીચલી સપાટીએ ગયો હતો.